# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

**1)** **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, મોદી સરકારના શાસનમાં જમ્મુ-કાશ્મીર આતંકવાદથી મુક્ત થશે.**

**2)** **કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કવચ 4.0 ને રેલવે સુરક્ષા પ્રણાલિઓના આધુનિકીકરણની દિશામાં મહત્વનું પગલું ગણાવ્યું.**

**3)** **બૅન્કિંગ કાયદા સુધારા અધિનિયમ 2025 આવતીકાલથી લાગુ થશે.**

**4)** **સમગ્ર દેશ આજે મહાન ક્રાંતિકારી શહીદ ઉધમ સિંઘને તેમના 86-મા શહીદ દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.**

**5)** **વર્લ્ડ ચૅમ્પિયનશિપ ઑફ લિજૅન્ડ્સના આયોજકોએ ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી સેમિ-ફાઈનલ મેચ રદ કરી.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH-J&K

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, મોદી સરકારના શાસનમાં જમ્મુ-કાશ્મીર આતંકવાદથી મુક્ત થશે. પહેલગામમમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ભારતના સફળ અને નિર્ણાયક ઓપરેશન સિંદૂર પર ગઈકાલે રાજ્યસભામાં ચર્ચાનો જવાબ આપતા શ્રી શાહે કહ્યું કે આતંકવાદીઓ સામે કડક કાર્યવાહી કરાશે અને આતંકવાદી માળખાને નાબૂદ કરાશે.

**(BYTE : AMIT SHAH)**

શ્રી શાહે ઓપરેશન મહાદેવની સફળતા બદલ સશસ્ત્ર દળો અને સુરક્ષા સંસ્થાઓની ભૂમિકાની પ્રશંસા કરી, જેમાં પહેલગામ આતંકવાદી હુમલામાં સામેલ ત્રણ આતંકીને ઠાર કરાયા હતા. તેમણે કહ્યું ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને જડબાતોડ જવાબ અપાયો.

# NADDA OPERATION SINDOOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઑપરેશન સિંદૂર પર રાજ્યસભામાં ચર્ચા દરમિયાન કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડાએ કરેલી સ્પષ્ટતાથી સરકારનો પક્ષ રાખવાની પ્રશંસા કરી છે.

આ પહેલા રાજ્યસભામાં "ઑપરેશન સિંદૂર" પર ચર્ચા દરમિયાન પોતાના સંબોધનમાં રાજ્યસભામાં ગૃહના નેતા જે. પી. નડ્ડાએ 2014 પહેલાના દાયકા અને 2014 પછીના દાયકા વચ્ચે સાહસિક સરખામણી કરી અને રાષ્ટ્રીય સુરક્ષા, સૈન્ય પ્રતિક્રિયા તથા રાજકીય ઈચ્છાશક્તિમાં મજબૂત પરિવર્તનની વાત કહી.

(BYTE: J. P. NADDA, UNION MINISTER)

# LS RAILWAYS KAVACH 4.0

સરકારે જણાવ્યું, સ્વદેશી રીતે વિકસિત રેલવે સુરક્ષા પ્રણાલિ કવચ ફોર પોઈન્ટ ઓ-ની અત્યાધુનિક આવૃત્તિ, કોટા–મથુરા ખંડ પર સ્થાપિત થવા તૈયાર છે. લોકસભામાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે તેને દેશમાં રેલવે સુરક્ષા પ્રણાલિઓના આધુનિકીકરણની દિશામાં એક મહત્વનું પગલું ગણાવ્યું. તેમણે કહ્યું, કવચ ફોર પોઈન્ટ ઓ-નું નિર્માણ ઘણા ઓછા સમયમાં પૂર્ણ કરાયું છે.

રેલવેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત પરિકલ્પનાથી પ્રેરિત થઈને કવચ સ્વચાલિત રેલવે સુરક્ષા પ્રણાલિનું સ્વદેશી રીતે ડિઝાઈન, વિકાસ અને નિર્માણ કર્યું છે.

(BYTE: ASHWINI VAISHNAW, RAILWAY MINISTER)

# BANKING LAWS AMENDMENT ACT

બૅન્કિંગ કાયદા સુધારા અધિનિયમ 2025 આવતીકાલથી પહેલી ઑગસ્ટથી લાગુ થશે. તેનો ઉદ્દેશ બૅન્કિંગ ક્ષેત્રમાં શાસન ધોરણોમાં સુધારો લાવવા તથા થાપણદારો અને રોકાણકારો માટે વધુ સારી સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

નાણા મંત્રાલયે જણાવ્યું, આ વર્ષે 15 એપ્રિલના રોજ સૂચિત કરાયેલા આ અધિનિયમનો હેતુ જાહેર ક્ષેત્રની બૅન્કોમાં ઑડિટ ગુણવત્તા સુધારવા અને સહકારી બૅન્કોમાં ડિરેક્ટરો એટલે કે, અધ્યક્ષ અને પૂર્ણ-સમયના નિર્દેશકો સિવાયનો કાર્યકાળ વધારવાનો છે.

અધિનિયમની જોગવાઈનો ઉદ્દેશ પર્યાપ્ત વ્યાજની મર્યાદા પાંચ લાખ રૂપિયાથી વધારીને બે કરોડ રૂપિયા કરવાનો છે. આ કાયદો વર્ષ 1968થી યથાવત્ રહેલી મર્યાદામાં સુધારો થશે. આ ઉપરાંત આ જોગવાઈ સહકારી બૅન્કમાં નિદેશકના કાર્યકાળને 97-મા બંધારણીય સુધારાને અનુરૂપ બનાવે છે, જેમાં મહત્તમ કાર્યકાળ આઠ વર્ષથી વધારીને 10 વર્ષ કરાયો છે.

# SHAHEED UDHAM SINGH

સમગ્ર દેશ આજે મહાન ક્રાંતિકારી શહીદ ઉધમ સિંઘને તેમના 86-મા શહીદ દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે. ઉધમ સિંઘ ગદર પાર્ટી અને હિન્દુસ્તાન સોશિયલિસ્ટ રિપબ્લિક એસોસિએશન સાથે જોડાયેલા હતા. તેમણે વર્ષ 1919માં અમૃતરમાં જલિયાંવાલા બાગ હત્યાકાંડનો બદલો લેવા 13 માર્ચ 1940ના દિવસે તત્કાલિન બ્રિટિશ પંજાબના પૂર્વ ઉપ-રાજ્યપાલ માઈકલ ઓ. ડાયરની હત્યા કરી હતી.

(V/C- RAJESH BALI)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# LS-FM STATIONS

સરકારે જણાવ્યું છે કે હાલમાં દેશમાં 585 આકાશવાણી એફએમ સ્ટેશનો અને 388 ખાનગી એફએમ રેડિયો સ્ટેશનો કાર્યરત છે. માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગને ગઈકાલે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, ગયા વર્ષે ઓગસ્ટમાં સરકારે જમ્મુ અને કાશ્મીરમાં ત્રણ ચેનલો સહિત 234 નવા શહેરોમાં 730 ખાનગી એફ.એમ. ચેનલોની ઇ-હરાજીને મંજૂરી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, 234 નવા શહેરોમાં એફ.એમ. ચેનલો માટે વાર્ષિક લાઇસન્સ ફી કુલ આવકના ચાર ટકા લેખે વસૂલવામાં આવશે.

# INDIA PAK WCL

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઑફ લિજેન્ડ્સના આયોજકોએ ભારત ચેમ્પિયન્સ અને પાકિસ્તાન ચેમ્પિયન્સ વચ્ચે રમાનારો સેમિ-ફાઈનલ મુકાબલો રદ કર્યો છે. ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાન સાથે રમવાનો ઈનકાર કરી દીધો.

પાકિસ્તાનના આતંકવાદને સમર્થન આપવા અને પહલગામ આતંકી હુમલામાં તેની ભૂમિકાના કારણોસર ભારતીય ટીમે સ્પર્ધાની શરૂઆતમાં જ પાકિસ્તાન સાથે લિગ મેચ રમવાનો ઈનકાર કરી દીધો હતો. ભારતીય ખેલાડીઓએ ભારે જાહેર દબાણ અને લાગણીઓને ધ્યાને લઈ મેચ ન રમવાના નિર્ણય અંગે ગઈકાલે આયોજકોને જાણ કરી.

ભારત ચેમ્પિયન્સે છેલ્લા મુકાબલામાં વેસ્ટ ઇન્ડીઝ ચેમ્પિયન્સને હરાવીને સેમિ-ફાઈનલમાં જગ્યા બનાવી હતી. આ ટીમમં શિખર ધવન, સુરેશ રૈના, ઈરફાન પઠાણ અને યુસુફ પઠાણ જેવા ખેલાડી સામેલ છે અને તેમણે ગઈકાલે પાકિસ્તાન ચેમ્પિયન્સ સાથે રમવાથી સ્પષ્ટ ઈનકાર કર્યો.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી

1) અમેરિકાએ ભારત પર 25 ટકા ટૅરિફ લગાવ્યો તે સમાચાર નવગુજરાત સમય, ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર સહિતના અખબારોએ મુખ્યશીર્ષકમાં લીધા છે. ફૂલછાબનું મુખ્યશીર્ષક છે, ડૉનાલ્ડ કમ્પઃ તીવ્રતા 25 ટકા – ટ્રેડવૉરમાં ટ્રમ્પે ભારત ઉપર ફોડ્યો ટૅરિફ બૉમ્બ. રાજસ્થાન પત્રિકા લખે છે, અમરિકાને ભારત પર લગાયા 25 ફિસદી ટૅરિફ ઔર જુર્માના, એક અગસ્ત સે લાગૂ.

2) રશિયામાં **8.8**ની તીવ્રતાના ધરતીકંપના સમાચાર મોટાભાગના અખબારોએ પહેલા પાના પર પ્રકાશિત કર્યા છે.

3) ગુજરાત સમાચાર લખે છે, રશિયામાં **8.8**ની તીવ્રતાનો ભૂકંપ, જાપાન-અમેરિકા સુનામીથી ધ્રૂજ્યા.

4) નવગુજરાત સમય પહેલા પાના પર લખે છે, ઈસરો–નાસા સહયોગની ઊંચી ઉડાન, નિસાર સેટેલાઈટનું સફળ લૉન્ચિંગ.

5) ગુજરાત A.T.S.-એ આતંકી સંગઠન અલકાયદા સાથે જોડાયેલી મહિલા શમા પરવીનની બેંગ્લોરથી ધરપકડ કરી તે સમાચાર તમામ અખબારોએ લીધા છે.

6) દિવ્ય ભાસ્કરે તેના વિશેષ અહેવાલમાં લખ્યું, એક હજાર **500** કરોડના સાયબર ફ્રોડમાં મલેશિયામાં સાયબર સ્લેવરી, **15** યુવકને હાઈજેક કરી ફ્રોડ માટે મજબૂર કર્યા.